# છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન મત્સ્યોદ્યોગ ખાતા દવારા મત્સ્યોદ્યોગની યોજનામાં હાંસલ કરેલ સિધ્ધિ ની વિગતો.

- મત્સ્યોદ્યોગ માટે ૧૧મી પંચવર્ષિય યોજના માટે રાખવામાં આવેલ કુલ ` ૨૦૦૨૦.૦૦ લાખની જોગવાઇની સામે વર્ષ ૨૦૦૭-૦૮માં ` ૨૩૬૭.૦૦ લાખ, ૨૦૦૮-૦૯માં `.૪૮૨૪.૯૨ લાખ, ૨૦૦૯-૧૦માં `.૫૧૪૦.૨૯ લાખ તથા ૨૦૧૦-૧૧માં ડિસેમ્બર સુધી `.૩૦૬૯.૫૩ લાખ ખર્ચ થવા પામેલ છે.

- ગુજરાત રાજ્યનું દરીયાઇ મત્સ્ય ઉત્પાદન જે વર્ષ ૨૦૦૧-૦૨ મા ૬.૨૦ લાખ મે.ટન. હતુ તે ૨૦૦૯-૧૦માં વધીને ૬.૮૭ લાખ મે. ટન અને આંતર દેશીય મત્સ્ય ઉત્પાદન ૦.૪૫ લાખ ટનમાંથી વધીને ૦.૮૪ લાખ ટન થયેલ છે.

- ગુજરાત રાજ્યની પરદેશ નિકાસ ૨૦૦૧-૦૨ માં ૧.૩૨ લાખ મે. ટન હતી જે ૨૦૦૯-૧૦માં વધીને ૧.૮૩ લાખ મે. ટન અને તેનું વિદેશી હુંડીયામણ `. ૬૨૫.૦૦ કરોડથી વધીને `.૧૮૩૮.૦૦ કરોડ થયેલ છે.

- ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ-૨૦૦૩ના નિયમો તા.૧૫/૦૮/૨૦૦૩ થી રાજયમાં અમલમા મુકવામા આવ્યા.

- મીઠાપાણીના મત્સ્યોદ્યોગ અંગે તા.૨૫/૦૨/૨૦૦૪થી અદ્યતન ઇજારા નિતિ તૈયાર કરવામાં આવી તેમજ ગ્રામ્ય તળાવો માટે અલગ ઇજારા નિતિ તા૧૫/૦૭/૨૦૦૩ થી બહાર પાડવામાં આવી.

- રાજયમાં ચાઇનીઝ સરકયુલર હેચરીની સ્થાપના દવારા વર્ષ ૨૦૦૧માં થયેલ ૪૩.૬૪ કરોડનું મત્સ્યબીજ ઉત્પાદન વર્ષ ૨૦૧૦-૧૧ માં વધીને ૮૩.૭૪ કરોડ નું ઉત્પાદન કરી રાજયએ સ્વનિર્ભરતા હાંસલ કરેલ છે.

- મત્સ્યબીજ પરીવહનમાં ઘટાડો કરવા તથા મત્સ્યબીજમા મોર્ટાલીટી ઘટાડવા માટે જળાશયની અંદરજ મત્સ્યબીજ ઉછેર માટે રીયરીંગ સ્પેસના વિકાસની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

- આદિજાતિ માછીમારોને તાલીમ આપી તાલીમ બાદ સ્વરોજગારી પ્રાપ્ત થાય તે માટે કીટ પુરીપાડવામા આવે છે.વર્ષ ૨૦૦૯-૧૦ મા `. ૧૫.૨૦ લાખના ખર્ચે ૬૦૦ તાલીમાર્થીઓને તથા વર્ષ ૨૦૧૦-૧૧ મા જાન્યુઆરી-૧૧ અંતિત ૪૪૧ માછીમારોને `.૧૩.૧૦ લાખના ખર્ચે કીટ પુરી પાડવામા આવેલ છે.

- મહીલા માછીમારોને સ્વરોજગારી મળે અને પગભર થાય તે હેતુ માટે માછલી વેંચાણના આનુસાંગીક સાધનો જેવા કે રેંકડી, વજન કાંટો, આઇસ બોક્ષ વિ. ની ખરીદી ઉપર ૫૦ ટકા સહાય પુરી પાડવામા આવે છે.

- અનુ. જાતિના માછીમારોને દરીયાઇ મત્સ્યોદ્યોગના ક્ષેત્રે સ્વ રોજગારી પ્રાપ્ત થાય તે માટે પ્રી પ્રોસેસીંગ શેડ તથા પલ્વરાઇઝીંગ યુનિટ સ્થાપવા માટે સહાય આપવામા આવે છે.

- ખારલેન્ડની બીન ઉપયોગી જમીનને ઝીંગા ઉછેર હેઠળ આવરી લઇ ઝીંગાનું ઉત્પાદન/નિકાસ વધે તે માટે જમીન ભાડા પેટે આપવા માટે અત્યાર સુધીમાં ૮૫૮૧.૫૬ હેકટનું માસ્ટર મેપીંગ કરવામા આવેલ છે. જેમાંથી ૪૭૯૦.૯૫ હેકટર જમીન જુદા જુદા લાભાર્થીઓને ફાળવણી કરવામા આવેલ છે. ઉપરાંત આ વિસ્તારમા આનુસાંગિક સવલતો જેવી કે રસ્તા લાઇટ વિગેરેની સવલતો ભરૂચ જીલ્લાના અલીયાબેટ ખાતે તથા સુરત અને નવસારી જીલ્લાના ફાર્મો ઉપર પુરી પાડવામાં આવેલ છે.

- માછીમારોની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ચાલુ વર્ષથી બાયોમેટ્રીક કાર્ડ આપવાનું નકકી કરેલ છે. જેમાં માછીમારોના ડેટા કલેકશન માં દેશમાં સૌ પ્રથમ ગુજરાત રાજયમાં ૧૦૦ ટકા સિધ્ધિ હાંસલ થયેલ છે. બાયોમેટ્રીક કાર્ડ ઇસ્યુ કરતા પહેલા રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાજયમાં પોલીસ વેરીફીકેશન કરાવવાની કામગીરી પણ ચાલુ છે.

- તા.૨૭/૦૬/૨૦૦૯ થી બોટો રજીસ્ટર કરવાની કામગીરી મત્સ્યોદ્યોગ ખાતા દવારા ચાલુ કરવામા આવેલ છે.

- બોટોની અવર જવર માટે બોટ મુવમેન્ટની ટોકન પધ્ધતિ વર્ષ ૨૦૦૯-૧૦ થી ચાલુ કરેલ છે. જે દેશમાં સૌ પ્રથમ ગુજરાત રાજયમાં અમલમા મુકવામા આવેલ છે.

- પાકિસ્તાન સત્તાવાળા દવારા પકડવામાં આવેલ માછીમારો પૈકી અત્યાર સુધીમાં ૩૮૪૬ માછીમારોને પાકિસ્તાન કસ્ટડીમાંથી મુકત કરાવવામાં આવેલ છે. પાકિસ્તાન સત્તાવાળા

દવારા પકડવામા આવેલ માછીમારોના કુટુંબને આર્થિક સહાય પેટે દૈનિક `. ૫૦/- લેખે માછીમાર પકડાયા તારીખથી તે છૂટે ત્યાં સુધી ચુકવવામા આવેલ છે.  વર્ષ ૨૦૦૮-૦૯ માં `.૪૬.૬૦ લાખ, વર્ષ૨૦૦૯-૧૦ મા `. ૭૬.૪૮ લાખ તથા વર્ષ ૨૦૧૦-૧૧ મા જાન્યુઆરી-૧૧ અંતિત `. ૪૦.૬૭ લાખની સહાય ચુકવવામા આવેલ છે.

- કચ્છ જીલ્લામાં જખૌ ખાતે ૧૦૦૦ બોટોની ક્ષમતા ધરાવતા તથા નવસારી જીલ્લાના ધોલાઇ ખાતે ૪૦૦ બોટોની ક્ષમતા ધરાવતા મત્સ્ય બંદરોને વિકસાવીને માછીમારો માટે જેટી, ઓકશન હોલ, વીજળી, પાકા રસ્તા, ગીયર શેડ, વહીવટી બિલ્ડીંગ, કેન્ટીન વિગેરેની સુવિધાઓ  ઉપલબ્ધ કરાવવામા આવી આ બંને મત્સ્ય બંદરોનું માનનીય મુખ્ય મંત્રીશ્રીના વરદ હસ્તે  લોકાર્પણ કરવામા આવેલ છે.

- રાજયમાં માછલી પકડાશ કરતા અને માછલીના વેંચાણ સાથે સંકળાયેલ માછીમારો/ માછીમાર મહીલાઓ ને વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૦૯-૧૦ દરમ્યાન ૭૦૯૧૧ ઇન્સ્યુલેટેડ બોક્ષ કૃષિ મહોત્સવો દરમ્યાન વિના મુલ્યે  વિતરણ કરવામા આવેલ છે.

- સને ૨૦૦૨-૦૩ થી માછીમારોને આધુનીક સાધનો ઉપર સહાય આપવાની યોજના અમલમાં મુકવામા આવતા ૧૪૧૬ જી.પી.એસ., તથા ૪૨૯૮૫ લાઇફ સેવીંગ જેકેટ ની ખરીદી ઉપર સહાય ચુકવવામા આવેલ છે.

- માછીમાર જુથ અકસ્માત વીમા યોજના તળે અગાઉ ફકત સહકારી મંડળીના સભ્યોને આવરી લઇ `.૫૦૦૦૦/- વીમા કવચનો લાભ આપવામા આવતો હતો જે વર્ષ ૨૦૦૭-૦૮ થી રાજયના તમામ ૧,૭૨,૩૫૯ સક્રિય માછીમારોને આ યોજના નીચે આવરી લઇ `. ૧,૦૦,૦૦૦/- ના વીમા કવચનો લાભ આપવામા આવે છે.

- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત ફીશ માર્કેટ ની યોજના અમલમા મુકવામા આવેલ છે. જે અન્વયે કુતિયાણા નગર પાલીકા, રાણા કંડોરણા ગ્રામ પંચાયત તથા નવા બંદર ગ્રામ પંચાયત ખાતે ફીશ માર્કેટ બનાવવામા આવેલ છે. તથા જીએફસીસીએ અમદાવાદ, નગર પાલીકા પોરબંદર,ચાંચ બંદર તથા સુમરાસર(શેખ) ગ્રામ પંચાયત ને ફીશ માર્કેટ બનાવવા માટે વહીવટી મંજૂરી આપવામા આવેલ છે.

- સ્વ રોજગારી માટે રંગીન માછલીઓના ઉત્પાદન માટે ગુહ હેચરી સ્થાપવાની યોજના અમલમા મુકવામા આવેલ છે. જેમાં ૩૦ જેટલી હેચરી બનાવવા માટે સહાય પુરી પાડવામા આવેલ છે.

- અનુ. જાતિ તથા આદિજાતિ માછીમારોની માછીમાર વસાહતમા આનુસાંગીક સુવિધાઓ જેવી કે રોડ, સોલાર લાઇટ વિગેરેની સવલતો પુરી પાડવાની યોજના અમલમાં મુકવામા આવેલ છે.

- રાજયના માછીમારોને મત્સ્યોદ્યોગ માટે છેલ્લામા છેલ્લી આધુનીક સીસ્ટમથી વાકેફ થાય તે માટે રાજયમા તથા રાજયની બહાર તાલીમ આપવાની યોજના અમલમાં મુકવામા આવેલ છે.

- સ્વર્ણિમ વર્ષના લક્ષ્યાંકોમાં બોટ નેટ યુનિટ સહાયમાં ૧૭૦ લાભાર્થીની સામે ૫૪૦ , પગડીયા સહાયમાં ૬૦૦ની સામે ૨૦૯૭, ગામ તળાવમાં મત્સ્ય સહાયમાં ૫૫૫ની સામે ૬૧૧, મત્સ્યબીજ સંગ્રહ સહાયમાં ૬૦૦ની સામે ૬૮૬, મત્સ્યબીજ ઉછેરમાં ૧૨૦૦ની સામે ૨૪૬૨, ઓર્નામેન્ટ ફીશમાં ૩૮ની સામે ૩૯, એકવાકલ્ચર તાલીમમાં ૨૫૦ની સામે ૫૭૮ લાભાર્થીની સિધ્ધિ થવા પામેલ છે.